## વડીલોને વંદન અભિનંદન



જેકીશન ફકીરભાઈ મિસ્ત્રી
(૧૯૩૧)ફોન:૨૩૨૨૫૩૫૩

# ગાંધીનગર સહિત મોટાભાગના વિસ્તારોમાં ગરમીમાં વધારો

### ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં વધારો : હજુ ગરમી વધવાના સ્પષ્ટ એંધાણ

અમદાવાદ, તા.૫

અમદાવાદ સહિત ગુજરાતમાં કાળઝાળ ગરમીનો ગ્રાફ સતત ઉંચો જઈ રહ્યો છે. ગઈકાલની સરખામણીમાં આજે રાજયના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધારો થયો હતો. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન વધીને ૪૦.૫ ડિગ્રી નોંધાયું હતું. જો કે, હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. જેના પરિણામ સ્વરુપે લોકોને રાહત રહી છે. ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી નોંધાયું હતું. કાળઝાળ ગરમીમાં આગામી દિવસોમાં પણ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે.

તાપમાનમાં એકાએક વધારો થતાં સ્થિતિ વધારે ચિંતાજનક બની છે. નાના બાળકો અને વૃદ્ધ લોકોને વધારે અસર દેખાઈ રહી છે. પાણીજન્ય અને પ્રદૂષણને લગતી બિમારીઓ સપાટી ઉપર આવી રહી છે. હવામાન વિભાગે કહ્યું છે કે, સ્થિતિ યથાવત રહેવાના સંકેત છે. આગામી દિવસોમાં ગરમીમાં વધુ વધારો થઈ શકે છે. પ્રદેશમાં નીચલી સપાટીએ ઉત્તર પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, સ્થિતિમાં નજીવો સુધારો થઈ શકે છે.

## કોંગી કાઉન્સલરના ૮ હજાર રૂપિયાની ચોરી


વડોદરા, તા.૦૫

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. સંસ્કારનગરી તરીકે જાણીતા એવા વડોદરા શહેરથી ભાજપના પીએમ પદના ઉમેદવાર તથા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર મધુસુદન મિસ્ત્રી ઉમેદવારી નોંધાવવા નીકળ્યા હતા, ત્યારે ખિસ્સા કાતરુ પણ જાણે તેમની રેલીમાં જોડાયા હતા. કોંગ્રેસના ઉમેદવાર મધુસુદન મિસ્ત્રી ઉમેદવારી નોંધાવવા માટે કાર્યકરોની રેલી સાથે જઈ રહ્યા હતા. ત્યારે રેલીમાંથી કોંગ્રેસના એક કાઉન્સલરના ખિસ્સામાંથી ૮૦૦૦ રૂપિયા ચોરી થઈ હોવાની ઘટના બનવા પામી હતી. ખિસ્સા કાતરુઓ કોઈને ખબર ન પડે તેમ કોંગી કાર્યકરોના ખિસ્સામાંથી હાથફેરો કરી ગયા હતા. જો કે બાદમાં કોંગ્રેસના કાઉન્સીલરે આ મામલે ફરીયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્માની કિશોરીના પેટમાંથી સવા કલાકના ઓપરેશન પછી વાળનો ગુચ્છો કઢાયો

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ૧૧ વર્ષની એક આદીવાસી કિશોરીના જઠરમાંથી સવા કલાકના ઓપરેશન બાદ વાળનો ગુચ્છો કાઢી કિશોરીને નવજીવન આપવામાં આવ્યું છે. આ વાળનો ગુચ્છો જોવા લોકો એકઠા થઈ ગયા ગતા. પી. ચૌહાણે કપીલાબેન ડાભીના જઠરનું શઉક્રવારે ઓપરેશન હાથ ધર્યુ હતુ. આ ઓપરેશન સવા કલાક જેટલુ ચાલ્યુ હતુ અને ડૉ. રોહીત ચૌહાણ અનેસ્થેસીયા ડૉ. કીંજલ સોલંકી, મેહુલભાઈ પ્રજાપતિ અને મનીષાબેન પરમારના આશ્ચર્ય વચ્ચે વાળનો ગુચ્છો બહાર કાઢવામાં આવ્યો હતો. આ વાળનો ગુચ્છો ૨૬



ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ગુરૂવારના રોજ પેટની અસહ્ય વેદનાથી પીડાતી પોશીના તાલુકાના દંત્રાલ ગામની કપીલાબેન શકાભાઈ ડાભી ઉં.વ.૧૧ સારવાર માટે દાખલ થઈ હતી. આ દર્દીના સોનોગ્રાફી સહીતના ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા અને જઠરમાં ગાંઠ હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. તેથી હોસ્પિટલના અધિક્ષક ડૉ. ઔદિચ્યના માર્ગદર્શન હેઠળ જઠરનું ઓપરેશન કરવાનો નિર્ણય લેવાયો હતો. રોહીતકુમાર સે.મી. લાંબો અને ૬ સે.મી. પહોળઓ હતો. ડૉ. રોહીત ચૌહાણે જણાવ્યું હતું કે કેટલીક વ્યક્તિઓને વાળ ખાવાની માનસિકતા હોય છે. કપીલા પણ વાળ ખાતી હશે તેથી વાળનો ગુચ્છો જઠરમાં ભેગો થયો છે. આ રોગને ટ્રાયકો બેઝોરના નામથી ઓળખવામાં આવે છે. કપીલાબેનના પરિવારજનોએ જણાવ્યું હતું કે કપીલા અમારી હાજરીમાં વાળ ખાતી ન હતી પણ અમારી અજાણમાં ખાતી હોય તેવુ બની શકે છે.

# મધુ કિશ્વર સામે હિંમતસિંહ બદનક્ષીની ફરીયાદ કરી શકે

### લેખિકાની સામે પ્રદિપ શર્મા બાદ હવે અમદાવાદ પૂર્વના ઉમેદવાર ફરિયાદ કરશે : પટેલ પર ગંભીર આક્ષેપ થયા

અમદાવાદ, તા.૦૫

દિલ્હીની વિવાદાસ્પદ લેખિકા મધુ કિશ્વર સામે પ્રદિપ શર્મા બાદ લોકસભા ચૂંટણીમાં અમદાવાદ પૂર્વના કોંગ્રેસ ઉમેદવાર અને પૂર્વ મેયર હિંમતસિંહ પટેલ બદનક્ષીની ફરીયાદ દાખલ કરશે. મોદી, મુસ્લિમ એન્ડ મીડીયા પુસ્તકનું વિમોટન કરવા આવેલ મધુ કિશ્વરે અમદાવાદના એએમએ ખાતે પત્રકાર સાથેની વાતચીતમાં હિંમતસિંહ પટેલ પર ૨૦૦૨માં કોમી રમખાણોમાં સામેલ હોવાનો આક્ષેપ કર્યો છે. જેના કારણે હિંમતસિંહ પટેલ આગામી સમયમાં કિશ્વર સામે બદનક્ષીની ફરીયાદ દાખલ કરશે. વિવાદાસ્પદ પત્રકાર લેખિકા મધુ કિશ્વર અમદાવાદના એએમએ (અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન) ખાતે પોતાના પુસ્તક "મોદી, મુસ્લિમ એન્ડ મીડીયા"ના વિમોચન વખતે આવ્યા હતા. પુસ્તક વિમોચન સમારંભ દરમ્યાન મધુ કિશ્વરે પત્રકારોને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૨માં થયેલ કોમી રમખાણોમાં હિંમતસિંહ પટેલ સામે હતા. મધુ કિશ્વરના આ નિવેદન બાદ હિંમતસિંહ પટેલ ધુઆપુઆ થઈ ગયા હતા. તેથી તેઓ આગામી સમયમાં વિવાદાસ્પદ લેખિકા મધુ કિશ્વર સામે કાનુની કાર્યવાહી કરશે. કિશ્વરના પુસ્તક મોદી, મુસ્લિમ એન્ડ મીડીયા અંગે અત્યાર સુધી મિશ્ર પ્રતિક્રિયાઓ આવી છે. પરંતુ હિંમતસિંહે લોકસભા ચૂંટણીમાં પૂર્વ અમદાવાદથી ભાજપના ઉમેદવાર પરેશ રાવલ સામે ઉમેદવારી નોંધાવી છે, પરંતુ કિશ્વરે તેમના પર ગંભીર આરોપ લગાવતા તેમની છબીને નુકશાન પહોંચાડવા પ્રયત્ન કર્યો છે. મધુ કિશ્વરે માધુરી જાસુસી કાંડમાં ગુજરાત સરકાર સામે બાંયો ચઢાવનાર સસ્પેન્ડેડ આઈએએસ અધિકારી પ્રદિપ શર્મા વિરૂદ્ધ પણ હલકા બોલવચન બોલી તેમની બદનક્ષી કરી હતી જેનો કેસ હાલ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે. હિંમતસિંહ પટેલે વિવાદાસ્પદ લેખિકા મધુ કિશ્વર સામે આગામી ટુંક સમયમાં બદનક્ષીની ફરીયાદ દાખલ કરશે. મધુ કિશ્વરે પોલીસ બાદ રાજકીય નેતા પર બદનક્ષી પ્રકારની બયાનબાજી કરી છે.



ધાનેરામાં ચૂંટણી કાર્યમાં પોલીસ વ્યસ્ત રહેતા તસ્કરોને છુટો દોર મળી ગયો છે. તસ્કરોએ શહેરની લીલાશા સ્ટીલની દુકાનનું તાળુ તોડી આશરે રૂપિયા ૩૩૦૦૦ ના વેલ્ડીંગ વાયર તેમજ રોકડ રકમ રૂપિયા ૩૪૬૪ની ચોરી કરી નાસી છુટ્યા હતા. આ ઉપરાંત ધરણીધર શોપીંગ મોલમાં આવેલ અમૂલ પાર્લરનું તાળુ તોડી રૂપિયા ૩૦૦૦ની રોકડ અને બે મોબાઈલ આશરે ત્રણ હજારની કિંમતની ચોરી કરી હતી. એક તરફ ચોરીના બનાવોથી વેપારી આલમમાં ભયની લાગણી પ્રસરવા પામી છે તો બીજી તરફ પોલીસે તસ્કરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)

# ચોરીના મુદ્દામાલની સાથે બેની ધરપકડ કરી લેવાઈ

અમદાવાદ, તા.૦૫

વસ્ત્રાપુર પોલીસે બાતમીના આધારે ચોરીના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. પોલીસને બાતમી મળી હતી કે બે શખ્સો જેમાં એક સિલેટીયા કલરનો પેન્ટ તથા પીળા કલરની ટી-શર્ટ પહેરલ તેમજ બીજા ઈસમ બદામી કલરનો પેન્ટ તથા ક્રિમ કલરનો શર્ટ પહેલ છે તેઓ શહેરના કોઈ જગ્યાએથી ચોરી કરી ચોરીનો માલ આર્મી ગ્રીન કલરના થેલામાં લઈ હેલમેટ સર્કલ પાસે જીએમડીસી ગ્રાઉન્ડ પાસેથી રાજસ્થાન જતી બસમાં બેસી રાજસ્થાન જનાર છે.

આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને આરોપી દિનેશ બાદરભાઈ પાટીદાર (ઉ.૨૧) તથા પ્રકાશભાઈ ભેરૂલાલ મેણાને પકડી પાડ્યા છે તેમજ બંને શખ્સો મૂળ રાજસ્થાનના રહેવાસી છે. પકડાયેલ બંને શખ્સો પાસેથી મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો છે. બાદમાં બંને આરોપીઓને નવરંગપુરા પોલીસ મથકમાં સોંપીને વધુ તપાસ હાથ ધરાઈ હતી.

# ગુનેગારોને જેલ ભેગા કરવા પોલીસને કઠોર સૂચના મળી


### જિલ્લાવાર મહિલા સ્કવોર્ડ ઉભી કરી મહિલાઓને પુરતું રક્ષણ આપવા દરેક જિલ્લા પોલીસ વડાને સ્પષ્ટ આદેશ

અમદાવાદ, તા.૦૫

દેશની સૌથી સુરક્ષિત ગણાતા ગુજરાત રાજ્યમાં મહિલાઓ માટે અસુરક્ષાનું વાતાવરણ બનતા અને રોજ મહિલાઓ સાથે અત્યાચાર બનવાની ઘટનાના વધેલા પ્રમાણથી રાજ્યના ગૃહવિભાગે ગંભીર નોંધ લીધી છે અને મહિલાઓ પર થતા અત્યાચાર અટકાવવા હવે જિલ્લાવાર મહિલા સ્કવોર્ડ ઉભી કરી મહિલાઓને પુરુતં રક્ષણ આપવા દરેક જિલ્લા પોલીસ વડાને આદેશ આપવામાં આવ્યા છે.

મહિલાઓ સામે વધી રહેલી અત્યાચારોની ફરિયાદોને પગલે રાજ્ય ગૃહવિત્રાગે સુધારાત્મક પગલા લેવા પહેલ કરી છે. સુત્રોની જાણકારી અનુસાર ગૃહવિભાગે સ્પષ્ટ કર્યું છે કે મહિલા પર થતાં અત્યાચારના કેસ અંગે અળગ રજિસ્ટાર રાખવું પડશે. જેમાં મહિલા સામે થયેલ અત્યાચાર ફરિયાદનો રજિસ્ટાર રાખીને તેનો ડેટાબેઝ તૈયાર કરી શકાય. ઉપરાંત મહિલા સાથે થયેલ અત્યાચાર મામલે પોલીસે કડક કાર્યવાહી કરવી પડશે. આ ઉપરાંત છેડતીનો ભોગ બનેલી મહિલાની અરજી કે ફરિયાદનો સાત દિવસમાં જ નિકાલ લાવવા પોલીસને કડક સૂચના આપવામાં આવી છે, તેમજ દરેક પોલીસ સ્ટેશનમાં મહિલાઓ માટે હેલ્પ ડેસ્ક પણ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. મહિલાઓ સાથે થતા અત્યાચારો અટકાવવા અને મહિલાઓને રક્ષણ આપવા જિલ્લાવાર મહિલા સ્કવોર્ડ રચવા ગૃહવિભાગે આદેશ જારી કરી દીધી છે, જેમાં ગાંધીનગર સાબરકાંઠા, બનાસકાંઠા વગેરે જિલ્લાઓમાં મહિલા સ્કવોર્ડની રચના કરી દેવાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યના ગૃહવિત્રાગે મહિલા પર થતા અત્યાચારો રોકવા કડક હાથે કામ લેવાનું નક્કી કર્યું છે કેમ કે છેલ્લા ઘણા સમયથી રોજ એકથી વધુ મહિલા પર અત્યાચારની ઘટના બને છે.

## શબ્દાવલી - ૫૩૫૯



### આડી ચાવી

૧. સમુદ્ર, સાગર (૩)
૩. થોડું ઘણું કાપવું-ઘટાડવું તે (૪)
૬. રાડો પાડવી, બુમાબુમ(૪)
૭. પોપચું, આંખનું ઢાંકણ(૩)
૯. ગળણું, ગાળવું તે (૩)
૧૦. અને (૨)
૧૧. ત્રણ ફુટ જેટલું માપ (૨)
૧૩. વારંવાર રિસાઇ જાય તેવું (૩)
૧૪. છેતરવું તે (૩)
૧૮. પત્તા, ગંજીફાના પાના(૨)
૧૯. થીંગડાવાળુ (૬)
૨૨. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૨૩. મોટી ઝૂડી કે નાનો ભારો(૨)

### ઊભી ચાવી

૧. આકાશમાંથી ઉલ્કાઓ પડવી તે (૪)
૨. ધીરવું તે, પૈસા વ્યાજે આપવા (૩)
૩. જેલ (૪)
૪. પડદો, આડશ (૩)
૫. રસ્તો, કેડી (૨)
૮. સુવા માટેનો બિસ્તરો કે સામગ્રી (૩)
૧૧. કેશ, મોવાળા (૨)
૧૨. વિનાશ કરે તેવું (૫)
૧૫. વેલ એક નામ (૨)
૧૬. સ્વસ્તિક (૩)
૧૭. ગાંડો માણસ, માનસિક રીતે અસ્થિર વ્યક્તિ (૩)
૨૦. હાથી (૨)
૨૧. ‘નાડ’ શબ્દ ઉંધો (૨)

### શબ્દાવલી ૫૩૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઘડિયાળ (૪) કારેલા (૭) ડઝન (૮) ખીસકોલી (૯) પલ (૧૦) ચાંચ (૧૧) કયા (૧૨) બાપડી (૧૩) એવા (૧૬) હોપલેસ (૧૭) દાઝ (૧૯) ટકી (૨૦) નવાઇ (૨૨) લરસટ્રીપ (૨૩) રાજી

**ઊભી ચાવી :-** (૧) ઘડપણ (૨) ડિઝળ (૩) યાન (૪) કાસ (૫) રેકોકએ (૬) લાલીયાવાડી (૮) ખીચડી (૧૦) ચાપલાસ પટ્ટી (૧૪) તપકીર (૧૫) પ્રદાન (૧૬) હોટલ (૧૮) ઝવારા (૨૧) ઇજી

# લાખોની છેતરપિંડી કરનાર બેની અટકાયત : એક ફરાર

અમદાવાદ, તા.૦૫

અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં ગૃહ ઉદ્યોગના નામે મહિલાને લાલચ આપી છેતરપિંડીના કૌભાંડમાં વટવા જીઆઈડીસી પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે આ મામલાના ફરાર આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

શહેરના જશોદાનગર વિસ્તારમાં શક્તિ ટ્રેડર્સના નામે હિરેન પટેલ જતીન પટેલ અને લોનાર્ડ ભેગા મળીને ઉદ્યોગ ચલાવે છે. આ ત્રણેય ભેગા મળીનો જશોદાનગર, ઘાટલોડીયા, સરખેજ તથા નરોડા વિસ્તારની ૧૮૦ થી વધુ રૂપિયા ડિપોઝીટ લઈ મણકામાંથી માળા બનાવવાના મહેનતાણા પેટે રૂા. ૨૧૦૦ આપીને ત્રણેય શખ્સોએ ૩૦થી ૪૦ લાખની ઠગાઈ કરી છે. આ મામલામાં એક જાગૃત નાગરીકની ફરીયાદના આધારે હિરેન પટેલ, જતીન પટેલની વટવા પોલીસ કઠવાડા પાસેથી બાતમીના આધારે ધરપકડ કરી છે, જ્યારે ફરાર લોનાર્ડને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. બીજીતરફ આજે વટવા જીઆઈડીસી પોલીસે મથકમાં ત્રીજા આરોપીની ધરપકડની માંગણી સાથે ૧૮૦ કરતા વધુ મહિલાનું ટોળાએ હોબાળો મચાવ્યો હતો. આ મામાલ અંતર્ગત આ ત્રિપુટી વિરૂદ્ધ અન્ય પોલીસ મથકમાં ફરીયાદ નોંધાય તેવી સંભાવના છે, તેમજ આ ત્રણેય શખ્સો દ્વારા ચલાવવામાં આવતી શક્તિ ટ્રેડર્સ પણ ગેરકાયદેસરની હોવાનું તપાસમાં ખુલ્યું છે.

## ઈચ્છાશક્તિ ગુમાવી બેઠી છે

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

યુ.પી.એ.ની સરકાર રહેશે નહી. કોંગ્રેસીઓ જ સરકાર જાય તે માટે મહેનત કરી રહ્યા છે. જેથી તેમની આલોચના ન કરવા પણ તેમણે કાર્યકરોને જણાવ્યું હતું. કોંગ્રેસ પક્ષપાતી ઈચ્છાશક્તિ ગુમાવી બેઠી છે. આગામી ૧૬વ મે ના રોજ પરિણામ જાહેર થયા બાદ ભારતના પ્રધાનમંત્રી મોદી બનશે. તેમણે મોટીની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે તેઓ પાર્ટીના મહામંત્રી હતા ત્યારથી જ તેમનામાં રહેલી ઈવેન્ટ મેનેજમેન્ટની ક્ષમતા અદ્દ્ભૂત જોવા મળતી હતી. આ ક્ષમતા તેમણે રાજનીતિમાં પરિવર્તિત કરી છે.

આગામી દિવસોમાં તેમના નેતૃત્વમાં તેવી જ ક્ષમતા દેખાડશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. કાર્યકરોના સંમેલન દરમિયાન નરેન્દ્ર મોદીએ પણ જનસંઘને પુરુષાર્થથી સિંચનારા અડવાણીનું તેમને સતત માર્ગદર્શન મળી રહ્યું હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતુ કે ચૂંટણી પહેલા જ પરિણામ જાહેર થઈ ગયું હોય તેવી સ્થિતિ છે.

દેશને ભ્રષ્ટાચાર, બેરોજગારી અને મોંઘવારીમાંથી ઉગારવા કોંગ્રેસ મુક્ત કરવા હાકલ કરી હતી. ઉનાળાની ગરમીના આકરા દિવસોમાં વેકેશન, લગ્નગાળો અને ગરમી વચ્ચે પાકૃતિક સ્થિતિ પણ વિપરિત છે ત્યારે વધુ મતદાન માટે ઉત્સુક બનવા અપીલ કરી હતી. અડવાણીજીને ભારે બહુમતથી વિજયી બનાવવા પણ અપીલ કરી હતી. સંમેલન દરમિયાન ભાજપના વરિષ્ઠ નેતા ઓમ. વી. માથુર, આર.સી. ફળદુ, પુરૂષોત્તમ રૂપાલા, આનંદીબેન પટેલ, આઈ.કે. જાડેજા, મીનાક્ષીબેન પટેલ અને અશોક ભાવસાર સહીત મોટી સંખ્યામાં કાર્યકરોએ હાજરી આપી હતી.





## ગણગૌર મહોત્સવની ભવ્ય શોભાયાત્રા

અત્યારે ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર ધાનેરામાં મહેશ્વરી સમાજ અને રાજસ્થાની પરિવારોએ ‘ગણગૌર’ ઉત્સવની ભારે ધામધૂમથી ઉજવણી કરી ભવ્ય શોભાયાત્રા કાઢી હતી. આ ઉપરાંત લાઘુરામ ડેલામાં ભગાન શિવ-પાર્વતીના લગ્ન પણ યોજવામાં આવ્યા હતા.

## સીસ્ટમનો ઉપયોગ કરાશે

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

જ નિરીક્ષણ કરી શકશે. જેના થકી ખર્ચ અને આચારસંહિતા ભંગ જેવી અનેક બાબતો પર ચૂંટણી પંચ માહિતગાર રહેશે, જરૂરી કાર્યવાહી કરી શકશે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાની વિધાનસભા મતદાર વિભાગમાં જ આ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ સિસ્ટમ અંગે સર્વે નોડલ અધિકારીશ્રી અને તેમની ટીમના સભ્યોને માહિતગાર કરવા માટે એક્ષપેન્ડિચર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી વિકટર મેકવાન દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ેઝેન્ટેશન રજૂ કરીને ઓન સિસ્ટમ અંગેનું માર્ગદર્શન ફ્લાઈંગ સ્કવોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ, વિડિયો સર્વેલન્સ ટીમ અને વિડિયો વ્યુઈંગ ટીમના નોડલ ઓફિસરો, ટીમના સભ્યોને આપવામાં આવ્યું હતું. બેઠકમાં આચારસંહિતા નોડલ અધિકારી શ્રી જયશ્રીબેન દેવાંગણ ઉપસથિત રહયાં હતાં.

## અડવાણીની

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

કલેક્ટર કચેરી આવ્યા તે પૂર્વે અમદાવાદ અને નભોઈ ખાતે કાર્યકરોની બેઠકોમાં હાજરી આપવા ગયા હતા. શ્રી અડવાણીએ ગાંધીનગર બેઠક પરથી ૬ઠ્ઠીવાર ચૂંટણીમાં ઝુકાવ્યું છે.

આજે ભાજપ તરફથી તેમણે સત્તાવાર ઉમેદવારી નોંધાવ્યા બાદ થોડીક જ મિનિટો બાદ પૂર્વ શહેરી વિકાસ મંત્રી અને પ્રદેશ ભાજપના અગ્રણીશ્રી કૌશિકભાઈ પટેલે પણ ડમી ઉમેદવારી પત્ર ભર્યુ હતુ. શ્રી અડવાણી ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ઉમેદવારી પત્ર ભર્યા બાદ સીધા અમદાવાદ જવા રવાના થયા હતા.

## ભારે ભીડ... ● *અનુસંધાન પહેલાનું ચાલુ*

એક તબક્કે એવું લાગતું હતું કે શ્રી અડવાણી ફોર્મ ભરવા આવે ત્યારે તેમને વેઈટીંગમાં ઉભા રહેવું પડે તેવી સ્થિતિનો સામનો નહિ થાય ને... પણ તેવું બન્યું ન હતું અને માત્ર ૧૦ મિનિટમાં જ શ્રી અડવાણી પણ તેમનું ફોર્મ ભરી રવાના થઈ ગયા હતા.

કલેક્ટર કચેરીમાં આ પછી ભાજપ તરફથી જ કૌશિક પટેલ, બસપાના શ્રી નિરંજન ઘોષ ઉપરાંત અપક્ષ ઉમેદવારો શ્રી કેશવલાલ કાછડિયા, શ્રી ગણપતભાઈ પગી અને શ્રી સંજય બ્રહ્મભટ્ટે ઉમેદવારી નોંધાવી હતી.

કલેક્ટર કચેરી ખાતે રાજકીય કાર્યકરોની ભારે ચહલપહલ જોવા મળતી હતી. જો કે કલેક્ટર કચેરીમાં સામાન્ય વિઝીટર્સ પણ છુટક છુટક આવ્યા હતા. જો કે રાજકીય વાતાવરણ વધારે છવાયેલું જોવા મળ્યું હતું.

ગાંધીનગર બેઠક માટે અગાઉ શ્રી રાજ પ્રજાપતિએ પ્રથમ ઉમેદવારી નોંધાવી હતી. આ પછી આજે વધુ ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં હવે આ બેઠક પર નવ ઉમેદવારો નોંધાયા છે. ગાંધીનગર બેઠક પર આમેય બહુકોણીય જંગ સતત ખેલાતો રહ્યો છે. ૨૦૦૯માં ૧૯ ઉમેદવારો મેદાનમાં હતા.

## ૭ માસ પૂર્વે થયેલી ઘાતકી હત્યાનો ભેદ અંતે ઉકેલાયો

અમદાવાદ ક્રાઈમબ્રાંચે ૭ મહિના અગાઉ થયેલ બાંગ્લાદેશી યુવતીની હત્યાના ગુનાનો ભેદ ઉકેલીને હત્યાના આરોપીને પકડી પાડ્યો છે. વર્ષ ૨૦૧૩માં ઓગસ્ટ મહિનામાં પાટણ સિદ્ધપુર હાઈવે નજીક રૂની ગામ પાસે અજાણી યુવતી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. જેને ૧૦૮ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જો કે માથાના ભાગે ગંભીર ઈજા થવાના કારણે યુવતીનું સારવાર દરમ્યાન મોત થયું હતું.

હત્યાનો ગુનો દાખલ કરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ મામલે અમદાવાદ ક્રાઈમબ્રાંચને બાતમી આધારે હત્યાના આરોપી દિપકકુમાર ઉર્ફે રફીક ઈસ્લામની ધરપકડ કરી છે. મરનાર યુવતી બ્રિસ્ટી મૂળ બાંગ્લાદેશની હતી. બે ત્રણ વર્ષ અગાઉ આરોપી દિપક પાટણના એક ગેસ્ટહાઉસમાં કામ કરતો હતો, તે દરમ્યાન દેહવ્યાપાર સાથે સંકલાયેલી બ્રિસ્ટી સાથે તે સંપર્કમાં આવ્યો.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાની છે**

દુકાન નં. ૬, સે.૨૨,
સેક્ટર-૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે,
સંપર્ક : ભગવતીલાલ તેલી
૯૪૨૮૩ ૫૧૯૯૨
સ્થળ : નાના ગ-૨ ચોકડી
સાંજે : ૬ થી ૧૧
મુકેશ ભાજીપાઉં સેન્ટર

**વેચવાનું છે**

વિદેશ જવાનું હોવાથી શાલીન-૧, પોશ એરિયામાં પ્લોટ નં. ૧૬ (આશરે ૪૦૦+૨૦૦ વાર) વાવોલ ટેનામેન્ટ વેચવાનું છે.
દલાલ માફ
મો. : ૯૪૨૮૩ ૫૪૨૮૯